# કુમકુમ-કેસર વરસે છે

(રાગ : ધર્મધ્વજ ફરકે છે)

કુમકુમ-કેસર વરસે છે મારે આંગણિયે,
ભાવી જિનવર પધાર્યા મારે મંદિરિયે,
આવો, આવો, પધારો મારે મંદિરિયે.

દેવ ને દેવેન્દ્ર સૌ જિનવર તણી સ્તવના કરે,
ભગવાન સીમંધર વિદેહીનાથ અમીદૃષ્ટિ કરે;
કુંદકુંદસ્વામી સ્વર્ગમાં બેઠા કૃપાદૃષ્ટિ કરે;
આજે ગંધર્વોનાં ગીત ગાજે છે,
દૈવી દુંદુભિ ડંકા વાગે છે......કુમકુમ૦

દેવેન્દ્ર ઊતર્યા મંદિરે ને નવનવાં નાટક કરે,
બહુ ભાવભીની ભક્તિથી જિનરાજ-ચરણોમાં નમે;
મારે આંગણે કલ્પતરુ ફળિયાં છે,
અહો! ભાવિ ભગવંત પધાર્યા છે,
ત્રણ ભુવનના નાથ બિરાજ્યા છે......કુમકુમ૦

પ્રભુ! ધાતકીસ્થ વિદેહના આગામી જિનભગવંત છો,
ત્રિભુવનદિવાકર દેવ છો, ત્રણ લોકમાં જયવંત છો;
ઇન્દ્રો નરેન્દ્રો પ્રભુજીને પૂજે છે,
હીરા-મોતીથી જિનને વધાવે છે......કુમકુમ૦

આનંદમંદિર, જ્ઞાનઘન, નિ:સીમ ગુણ ધરનાર છો,
રત્નત્રયીરૂપ નાવથી ભવજલધિ-તારણહાર છો;
તારાં દર્શન થકી નિજ રૂપ સૂઝે,
તારી ભક્તિથી આતમશુદ્ધિ વધે......કુમકુમ૦

ગુરુજી-પ્રતાપે જિનવરોનાં વૃન્દ સ્વર્ગે ઊતર્યાં,
શાશ્વત અહો! જિનધામ ને જિનનાથનાં દર્શન થયાં;

દેવગુરુ-ઉપકાર અપાર અહો!
પદપંકજ-સેવા સદાય રહો.
જિનવરવૃન્દ પધાર્યાં મારે મંદિરિયે,
આવો, જિનજી! બિરાજો મુજ મંદિરિયે,
કુમકુમ-કેસર વરસે છે મારે આંગણિયે,
જિનવરવૃન્દ બિરાજ્યાં મુજ મંદિરિયે.